એસ.ટી. નિગમના કર્મચારીઓના પ્રશ્ન ન ઉકેલાતા ૧૭મીએ ચક્કાજામ કરાશે

મહેસાણા, તા. ૧૨

ગુજરાત એસ.ટી. નિગમના માન્ય સંગઠનો દ્વારા કામદારોના પ્રશ્નોના ઉકેલ માટે નિગમને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કામદારોના પ્રશ્નોનો કોઈ ઉકેલ ન આવતા આગામી તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ વિભાગીય અને ડેપો કક્ષાએ ચક્કાજામ કરવાનો માન્ય સંગઠનોએ નિર્ણય કરેલ છે.

ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ ફેડરેશન (મજુર મહાજન) મહેસાણા વિભાગના જનરલ સેક્રેટરી ડાહ્યાભાઈ ચૌધરી, અન્ય હોદ્દેદારો પી.કે. પટેલ, ગીરીશભાઈ પટેલ અને મુકેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, એસ.ટી.ના ત્રણેય માન્ય યુનિયનો દ્વારા છેલ્લા બે વર્ષથી કામદારોના પ્રશ્નો માટે અને જાતિ વિષયક નિર્ણયો માટે નિગમને વારંવારલેખિત તથા મૌખિક રજૂઆતો કરાયેલ છે. તેમ છતાં નિગમના વહિવટીકર્તાઓએ કામદારોના પ્રશ્નોને ટલ્લે ચઢાવી દીધા છે.

કામદાર સંગઠનોએ નિગમના સંચાલનથી આવક વધે અને મુસાફરજનતાને સારી સેવા મળી રહે તે હેતુથી નિગમના હિતમાં રાત દિવસ કામદારો સેવા બજાવી રહ્યા છે. કામદારોના વાજબી પ્રશ્નોનો ઉકેલ ન આવતાં કામદારો વાજ આવી ગયા છે. કામદારોનો રોષ હડતાલમાં પરિણમે તેવી સ્થિતિ પેદા ન થાય તે માટે નિગમના વરિષ્ઠ અધિકારીઓ તથા વહિવટી સંચાલક દ્વારા કામદારોના પ્રશ્નો માટે હકારાત્મક સહયોગ દાખવી હડતાલ ન પડે તે માટે રાજ્ય સરકારમાં વણઉકલ્યા પ્રશ્નોના ઠરાવ કરી મંજુરી અર્થે રાજ્ય સરકારના ખાતાઓને મોકલી આપ્યા હતા. પરંતુ યેનકેન પ્રકારે કામદારોના પ્રશ્નો ટલ્લે પડે અને ઔદ્યોગિક શાંતિ જોખમાયતેવી માનસિકતા સાથે પ્રશ્નોનો નિકાલ કરવાની નીતિ અપનાવેલ છે. જેથી કામદારો પાસે હવે હડતાલ સિવાય કોઈ વિકલ્પ ન હોઈ હવે આગામી તા. ૧૭-૯-૧૨ને સોમવારના રોજ નિગમની સંચાલિત બસ સેવા બંધ કરવાનો માન્ય સંગઠનોએ નિર્ણય કરેલ છે.

હિંમતનગરમાંથી ખુલ્લામાં જુગાર રમતા સાત જુગારીયો પકડાયા

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના હડીયોલ પુલ છાપરિયા વિસ્તારમાંથી ખુલ્લામાં વરસાદ વચ્ચે જુગાર રમતા સાત જુગારીયોને મંગળવારના રોજ સાંજે જુગાર રમતા ૧૧ હજાર રોકડા સાથે હિંમતનગર ટાઉન પોલીસે પકડી પાડ્યા હતા. આ અંગે પોલીસે તમામ સાતને પકડી પાડી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર ટાઉન પોલીસમથકથી મળેલ માહિતી મુજબ હિંમતનગર શહેરના હડીયોલપુલ છાપરિયામાં ઊંચાવાસમાં ખુલ્લામાં હડીયોલપુલ છાપરિયાના અબ્દુલમીયા અબ્દુલ શેખ, કૈયુમભાઈ બનુંમીયા શેખ, ચાંદનગરના અયુબભાઈ અબ્દુલભાઈ મીર, અહેસાન અહમદમીયા સૈયદ, તેજપુરા ગામનો મણીલાલ સોમાભાઈ ચેનવા, ભૌલેશ્વરનો હિતેન્દ્ર વિરાભાઈ સોલંકી અને આંબાવાડી વિસ્તારમાં રહેતો કલ્પેશ વસંતભાઈ સોલંકી આ સાતેય જણા ગંજીફાના પાના વડે જુગાર રમતા હતા. હિંમતનગર ટાઉન પોલીસે મંગળવારની સાંજે ૬.૩૦ વાગે વરસાદ વચ્ચે રોકડ રૂ. ૧૧ હજાર ૭૮૦ અને સાત મોબાઈલ કિંમત રૂ. ૫ હજાર ૫૦૦ મળી કુલ રૂ. ૧૭ હજાર ૨૮૦ના મુદ્દામાલ સાથે પકડી પાડીને તેમના વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભડથમાં જાગીરદાર એકતા સંમેલન યોજાયું

ડીસા, તા. ૧૨

ડીસા તાલુકાના ભડથ ગામે જાગીરદાર દરબાર સમાજનું સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ ગુમાનસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં સમાજમાં શિક્ષણ, એકતા, કુરીવાજો નાબુદ કરવા વગેરે મુદ્દાઓ પર ચર્ચાવિચારણા કરી શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ આપી સત્કારવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રમેશસિંહ રાઘવ (દિલ્હી), સી.જે. ચાવડા, જગદીશ ઠાકોર, ભારતસિંહ વાઘેલા, ગજેન્દ્રસિંહ ચૌહાણ, માનસિંહ વાઘેલા, બહાદુરસિંહ વાઘેલા, દલપતસિંહ રાઠોડ, ગણપતસિંહ ચૌહાણ, ગિરીરાજસિંહ વાઘેલા, ચંદ્રસિંહ વાઘેલા, હિંમતસિંહ ચૌહાણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જાગીદાર સમાજના અગ્રણી બાદરસિંહ વાઘેલા અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતદી. આ પ્રસંગે આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

બાઈક ચોરી

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ધીરાકંબોયા ગામના મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલે પોતાનું બાઈક નંબર જીજે-૯-સીડી-૫૩૧ કિંમત રૂ. ૨૫ હજારનું પોતાના ઘર આગળ પાર્ક કરેલ ત્યારે કોઈ ચોર ઈસમ ઉજી સપ્ટેમ્બરની રાત્રીના ચોરી કરી લઈ જતા વડાલી પોલીસમથકે મહેશભાઈ પટેલે મંગળવારના રોજ ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્માની જે.ડી. પટેલ હાઈસ્કૂલમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ખેડબ્રહ્મા, તા.૧૨

'ડાયેટ' ઈડર તથા શાળા વિકાસ સંકુલ ખેડબ્રહ્માના સંયુકત ઉપક્રમે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન શ્રી જે.ડી. પટેલ હાઈસ્કૂલમાં યોજાઈ ગયું. ખેડબ્રહ્મા તથા વડાલી તાલુકાની ૪૪ જેટલી હાઈસ્કૂલના બાળકોએ પોતાની ૫૮ કૃતિઓ રજુ કરી હતી. આ પ્રદર્શનમાં પર્યાવરણ બચાવો, વિજળી બચાવો તથા શારિરીક સુખાકારી માટેના અનેક પ્રયોગો રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં પ્રમુખ સ્થાને ડાહ્યાભાઈ પટેલ તથા દોલજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડાયેટ તરફથી ડૉ. નિશાંત ઓઝાએ આ પ્રદર્શનમાં ઉપસ્થિત રહી ગણિત-વિજ્ઞાન વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રદર્શનને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય હરીહર પાઠકે સર્વને અભિનંદન પાઠવ્યા હતાં.

ડીસા જલારામ મંદિર પાસે નાણાંકીય લેવડ દેવડ તકરારે ચાર વિરુદ્ધ એટ્રોસીટીની ફરીયાદ

ડીસા, તા. ૧૨

ડીસાના જલારામ મંદિર પાસે આવેલ એક ખાનગી શેર લે વેચ કરતી પેઢીના માલીક સાથે પૈસાની લેવડ દેવડે એક દલિત યુવક સાથે તકરાર થઈ હતી. જે બાદ આ તકરારે ઉગ્ર રુપ ધારણ કરતા શેર-લે વેચ સાથે સંકળાયેલ વહેપારી અને તેમના સાથીદારોએ હથીયારો સાથે હુમલો કરી દલિત યુવકને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી હતી. આ મામલે ડીસા શહેર પોલીસે ચાર હુમલાખોરો વિરુધ્ધ એટ્રોસીટી એકટ મુજબનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

જેની વિગતો જોઈએ તો અજાપુરા ખાતે રહેતા મનોજભાઈ નાગરભાઈ સોલંકી શેર બજારના કેટલાક નાંણા જલારામ મંદિર પાસે આવેલ શ્રીજી કોમ્પલેક્ષમાં શેર - લે વેચ ની દુકાન ધરાવતા દિપકભાઈ પ્રભુભાઈ મોદી પાસે માંગતા હતા. જો કે આ નાંણીકીય લેવડ દેવડની અદાવત રાખી ગતરાત્રીએ વહેપારી દિપકભાઈ પ્રભુભાઈ મોદીએ અજાપુરા પહોંચી મનોજભાઈ નાગરભાઈ સોલંકીને જણાવેલ કે ચાલો જલારામ પાસે અમારી ઓફીસે તમારા પૈસાનો હીસાબ કરીએ.

જેથી મનોજભાઈ સોલંકી વિશ્વાસમાં આવી વહેપારી દિપકભાઈ મોદી સાથે તેમની ઓફીસે આવેલા જો કે તે બાદ ઉશ્કેરાયેલા દિપકભાઈ મોદીએ તકરાર ઉભી કરી મનોજભાઈ સોલંકીને કહેલ કે તુ સેના પૈસા અને હિસાબ માંગે છે તેમ કહી ગાળો બોલી જાતી વિશે અપમાન જનક શબ્દો બોલી પૈસા આપવાની ના પાડી અને તે બાદ ઉશ્કેરાયેલા દિપક મોદીના ભાગીદાર જીગરભાઈ ડાહ્યાભાઈ પટેલે પોતાના હાથમાં રહેલ પાઈપથી પીડીત મનોજભાઈ સોલંકીને મારમારેલ અને અન્ય હુમલાખોરોએ પણ હોકી વડે મનોજભાઈ સોલંકીને મારમારેલ જે બાદ હોબાળો થતાં આ તમામ હુમલાખોરો ભાગી ગયા હતા. જે બાદ હુમલામાં ઘાયલ મનોજભાઈ સોલંકીને ડીસાની સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે લવાતા ફરજ પર ના તબીબ ડૉ. જોષીએ તેમને અંદરના દર્દી તરીકે દાખલ કર્યા હતા. આ મામલે હુમલામાં ઘાયલ પીડીત દલિત યુવકના ભાઈ ધર્મેશભાઈ નાગરભાઈ સોલંકીએ ડીસા શહેર પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે આરોપી જીગરભાઈ ડાહ્યાલાલ પટેલ, દિપક પ્રભુભાઈ મોદી, મોલીક પટેલ અને એક અન્ય ઈસમ વિરુધ્ધ ડીસા સીટી સેકન્ડ ગુના રજી. નં. ૩૨૪૯/૨૦૧૨ આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪, તેમજ એટ્રોસીટી એકટની કલમ ૩ (૧), ૧૦ મુજબ ગુનોદાખલ કરેલ છે. આ ગુનો અટ્રોસીટી એકટ મુજબનો હોઈ તેની વધુ તપાસ એસ.ટી.,એસ.સી. વિભાગના ડી.વાય.એસ.પી. દ્વારા હાથ ધરાયેલ છે.

ડીસા મુકામે બનાસકાંઠા ક્ષત્રિય કર્મચારી સ્નેહમિલન યોજાયું

ડીસા, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય કર્મચારી સ્નેહ મિલન સમારોહ જૈન વિહારધામ (ભીલડી રોડ) ડીસા ખાતે આજે બપોરે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય કર્મચારી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહમાં ઉપસ્થિત ક્ષત્રિય સમાજના કર્મચારી ભાઈ-બહેનોએ સમાજના ઉત્કૃષ્ટ માટે દરેક કર્મચારી આગળ આવી સમાજ પ્રત્યેની પોતાની નિષ્ઠા અદા કરવાની નેમ લીધી હતી. જેમાં વ્યસનમુક્તિ, બેટી બચાવો, કન્યા કેળવણી, સામાજીક કુરિવાજો દૂર કરવા જેવી બાબતોની ચર્ચા કરી દરેક ક્ષત્રીય ભાઈઓથી બનતી તમામ મદદ કરવા અપીલ કરી હતી. તેમજ દરેક ક્ષત્રિય ભાઈ-બહેનોનો ડેટા એકઠો કરવામાં આવ્યો હતો. નવનિયુક્ત ક્ષત્રિય સમાજના આચાર્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રામસિંહજી રાજપુત, મદારજી મકવાણા, જયેન્દ્ર સોલંકી, વિનોદસિંહ સોલંકી, ગુલાબસિંહ હડિયોલ, મફુસિંહ ઠાકોર, બળવંતજી ઠાકોર તેમજ સમાજના અન્ય મિત્રોએ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં બાંધકામ સમિતિના ચેરમેનને હોદ્દા પરથી દૂર કરાતા ભૂકંપ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેનને વિકાસ કમિશનર ને હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કર્યા બાદ જિલ્લા વિકાસ અધિકારીએ કાર્યવાહી હાથ ધરતા રાજકીય ભુકંપ સર્જાયો હોવાની સ્થિતિ પેદા થઈ છે.

ભુપેન્દ્રગીરી ગોસ્વામી દ્વારા વિકાસ કમિશનર સમક્ષ અરજ ગુજારાઈ હતી કે જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન વસંતભાઈ પટેલ જે સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામના અને મેઢાસણા જિલ્લા પંચાયત બેઠક પરથી ભાજપમાંથી ચૂંટાયેલ બે કરતા વધુ બાળકો ધરાવે છે અને વર્ષ ૨૦૦૫ પછી બે કરતા વધુ બાળકો ધરાવનાર લાયક ન હોવાનું કારણ જણાવી પુરાવા રજુ કરતા વિકાસ કમિશનરે વસંતભાઈ પટેલને પંચાયત ધારાની જોગવાઈ અનુસાર હોદ્દા પરથી દુર કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી રવિ અરોરાએ કાર્યવાહી હાથ ધરતા જિલ્લા પંચાયતમાં રાજકીય ભૂકંપ સર્જાયો હતો.

હિંમતનગરના પ્રતાપસિંહ દેવડાનું સન્માન કરાયું

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર નગરપાલિકાના ફાયર ઈન્સ્પેકટર પ્રતાપસિંહ દેવડાને તાજેતરમાં યોજાયેલ સ્વાતંત્ર પર્વની ઉજવણી વખતે રાજયકક્ષાના મંત્રીના હસ્તેસન્માન કરી પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું હતું. પ્રતાપસિંહ દેવડા અને તેમની ટીમ દ્વારા છેલ્લા ઘણા વર્ષોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેની વિશિષ્ટ બચાવ કામગીરી જેમ કે આગના બનાવ, પાણીમાં ડુબતા વ્યકિતની બચાવ કામગીરી, અકસ્માત સમયની કામગીરીનો સમાવેશ થાય છે.

મહેસાણઆ જિલ્લાના એટીવીટી કેન્દ્રોમાં રેશકાર્ડના ફોર્મ ખૂટી પડતાં હાલાકી

મહેસાણા, તા.૧૨

તાજેતરમાં રાજયના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડી તે બારકોડેડ રેશનકાર્ડ ધારકો જોગ જાહેર વિજ્ઞપ્તિ થકી રેશનકાર્ડમાં નવા સભ્યોનું નામ ઉમેરવા, કમી કરવા અને કાર્ડ વિભાજનની કામગીરી માટે તાલુકા કચેરીએ એટીવીટી મારફતે ઓગસ્ટ ૨૦૧૨થી વ્યવસ્થા ઉભી કરાયેલ છે. પરંતુ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં તાલુકા કચેરીઓના એટીવીટ કેન્દ્રોમાં આ અંગેના ફોર્મ ન મળતાં લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

૮ સપ્ટેમ્બરના રોજ રાજયના અન્ન અને નાગરિક પુરવઠા તંત્ર તરફથી રેશનકાર્ડ ધારકો માટે જાહેર વિજ્ઞપ્તિ અખબારોમાં પ્રસિધ્ધ થઈ ગતી. જેમાં બારકોડેડ રેશનકાર્ડ મેળવવાનું બાકી છે. તેમજ જેઓને બારકોડેડ કાર્ડ મળે છે તે તમામ કાર્ડ ધારકોને તેઓના રેશકાર્ડમાં નવા સભ્યોના નામ ઉમેરવા તથા કમી કરવા અને કાર્ડ વિભાજનની કામગીરી માટે તાલુકા કચેરીએ એટીવીટી કેન્દ્રોમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. અને આ બાબતે જરૂરી સૂચના આપેલ છે. તેમ છતાં મહેસાણા જિલ્લાના તાલુકા મથકોએ આવેલ એટીવીટી કેન્દ્રોમાં રેશનકાર્ડમાં સભ્યનું નામ, ઉમેરવા, કમી કરવા, નવા કાર્ડ વિભાજન માટેના જરૂરી ફોર્મ ઉપલબ્ધ ન હોઈ લોકો પરેશાની ઉઠાવી રહ્યા છે.

ઉપરોક્ત બાબતે રાજયના પુરવઠા વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ સત્વરે તપાસ કરી નાગરિકોને જરૂરી ફોર્મ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે.

પ્રાંતિજ માર્કેટ યાર્ડમાં કોંગ્રેસ કાર્યકરોની બેઠક યોજાઈ

પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતી આયોજીત પ્રાંતિજ તાલુકાના કોંગ્રેસની બેઠક માર્કેટ યાર્ડ પ્રાંતિજ ખાતે ગત રોજ મંગળવારના દિવસે યોજાઈ હતી. આ પ્રસંગે પૂર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા પ્રદેશ નિરીક્ષક વિરેન્દ્રસિંહ વાઘેલા (ગાંધીનગર) ગુજરાત કેડીટ સોસાયટી મહેશભાઈ, તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન મણીભાઈ પટેલ, તાલુકા પ્રમુખ કાળુસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયતના સદસ્ય મહેન્દ્રસિંહ બારીયા, મહાવીરસિંહ શહેર પ્રમુખ મહિલા મંત્રી ઝંખનાબેન વગેરેએ એક જુથ થઈ આવનાર વિધાનસભામાં કોંગ્રેસ ઉમેદવારને વિજયી બનાવવા ચર્ચા કરી હતી. કોંગ્રેસ આદિજાતિના મહામંત્રી મિસ્ત્રી તથા ગુજરાત પ્રદેશ સમિતીના પ્રમુખ મોઢવાડીયાની ઉપસ્થિતિમાં તા. ૨૦-૯-૧૨ના રોજ યોજાનાર સંમેલનને સફળ બનાવવા તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા જાહેર કરવામાં આવેલ નીતી અનુસાર ગામડામાં ઘર વિહોણાને ઘરનું ઘરના ફોર્મ તા. ૧૫-૯-૧૨થી વિતરણ કરવાની કામગીરી સફળ બનાવવા કાર્યકરોએ સહકાર આપવો.

હિંમતનગર શહેર નગરપાલિકા વિસ્તારમાં ખુલ્લી પડેલી નગરપાલિકાની પોલ

હિંમતનગર, તા.૧૨

શહેર કોંગ્રેસ પ્રમુખ જગદીશ જયસ્વાલ અને વિરોધપક્ષના નેતા ઈશાક શેખ દ્વારા મળતી માહિતી અનુસાર નગરપાલિકા વિસ્તારમાં બારે બાર વોર્ડના નગરજનો આ નગરપાલિકાની અણ આવડતના લીધે ત્રાહીમામ પોકારી ગયા છે.

ચોમાસામાં ભરાતા વરસાદી પાણીનો કોઈપણ વિસ્તારમાં કે મેન રોડ ઉપરથી પાણી નીકળી શકે તેવું સેજ પણ પ્લાનીંગ કરેલ નથી ખરેખર જે તે સમયે રોડ બનાવ્યા હશે તે સમયે લેવલીંગ મેળવ્યા વગર વરસાદી પાણીના ગળનાળા નાખ્યા વગર જ કોન્ટ્રાકટરો સાથે મીલી ભગતથી આ સૌ રોડો કરોડો રૂપીયાના ખર્ચા કરીને બનાવ્યા હશે. જેનું પરીણામ શહેરના નગરજનો હાલમાં ભોગવી રહ્યા છે. આ વરસાદી પાણી ભરાવવાના લીધે આખુ શહેર અને સોસાયટીઓ ગંદકીનું સામાજય બની ગયું છે અને એ જ વિસ્તારોમાં રોગચારો ભાટી નીકળે તેવી નગરજનોમાં ભયની દહેશક સતાવી રહી છે.

રોડો ઉપર મોટા ખાડા પડી ગયા છે. તેના લીધે નગરજનોને ચાલવા જતા તેમજ વાહન લઈને પસાર થવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ નગરપાલિકાએ ગત વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૧ સુધીમાં રૂપિયા ૧ અબજ ૮૪ કરોડનું બજેટ પાડીને તેનું એ જ પ્રમાણે ખર્ચ પણ બતાડેલ છે અને આ ચાલુ વર્ષમાં ૨૦૧૨-૧૩માં ૮૨ કરોડનું બજેટ પાડેલ છએ આ રકમ કુલ મળીને ૨ અબજને ૬૬ કરોડની આસપાસનું આ નગરપાલિકાએ ખર્ચ પેકી પ્લાનીંગ કરેલું હોય તો આટલી મોટી જંગી રકમ કયાં વપરાયી હશે તે સમજાતું નથી અને ખરેખર આ જંગી રકમ શહેરના નગરજનોના જરૂરીયાતવાળાના પ્રશ્નો બાબતે વપરાયી હોતતો હિંમતનગર શહેરના નગરજનોને આવી અનેક ભયંકર સમસ્યાનો સામનો ન કરવો પડ્યો હોત. વધુમાં આપ સૌ નગરજનો ખૂબ જ બુદ્ધિશાળી અને ભણેલા ગણેલા અને વેપારી વર્ગના માનવી છો. આ સમગ્ર બાબતમાં આપ સૌ વધુ સમજી શકો છો. કે આવનારા દિવસોમાં હિંમતનગર શહેર માટે શું વિચારવું એ આપ સૌ વધુ સમજી શકો છો. નગરપાલિકા વિરોધપક્ષના નેતા તરીકે મારા ફર્જ અને જવાબદારીમાં આવતી તમામ વ્યાખ્યાઓ આ પ્રેસનોટના માધ્યમથી હું આપને જણાવી રહ્યો છું.

ગુજરાત ઈકોલॉજી કમિશન, ગાંધીનગર

ગુજરાત ઈકોલॉજી કમિશન, ગાંધીનગર દ્વારા ટી-શર્ટ, હોર્ડીંગ, Mascot બનાવવાનું નકકી કરવામાં આવેલ છે. રસ ધરાવતા વિકેતાઓ/પ્રીન્ટરો એ ભાવો સીલ બંધ કવરમાં તા. ૨૦-૯-૧૨ સુધી નીચે જણાવેલ સરનામે કચેરી સમય દરમિયાન મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

ઉપર્યુકત કામગીરીના સ્પેશીફીકેશન તથા ટેન્ડરની શરતો કચેરીએથી મેળવી લેવી અથવા વેબસાઈટ www.geciczmp.comની મુલાકાત લેવી.

નિયામક, ગુજરાત ગુજરાત ઈકોલॉજી કમિશન, બ્લોક નંબર ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૧૧, ફોન : ૦૭૯- ૨૩૨૫૭૬૫૬

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

ટૂંકી મુદતની જાહેરાત

અત્રેની કચેરીમાં એક વર્ષ માટે કરાર આધારિત "IT Executive"ની જગ્યા માટે અરજીઓ મંગાવવામાં આવે છે. અરજદારની લાયકાત, જરૂરી અનુભવની વિગત તથા અરજીનો નમૂનો મંડળની વેબસાઈટ www.gujarat-Education.gov.in/textbooks ઉપર ઉપલબ્ધ થઈ શકશે.

કરાર આધારિત મહેનતાણું ઉમેદવારના અનુભવ અને લાયકાતને ધ્યાને લઈ નક્કી કરવામાં આવશે. અરજદારે જાહેરાત પ્રસિદ્ધ થયાથી સાત દિવસમાં કચેરીને અરજી મળે તે રીતે મોકલવાની રહેશે.

(એચ. કે. પટેલ)
માહિતી/૧૩૩૧/૧૨-૧૩ નિયામક

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૫, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન